કાન્તિ ભટ્ટ

## જગતના સુપરકલાસ બિઝનેસ માંધાતાઓની લકઝરી

તમે સ્વિટ્ઝર્લેન્ડના દાઓસ નામના અફલાતૂન હિલ સ્ટેશનનું નામ સાંભળ્યું હશે. ત્યાં દર વર્ષે યુરોપિયન 'ઉનાળા'માં છેલ્લાં ૩૮ વર્ષથી જગતભરનાં ટોચના ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ અને વડાપ્રધાનો તેમ જ ટોચના પત્રકારો ભેગા થાય છે તેના સમાચારો સાંભળો છો. છેલ્લે તમે જાન્યુઆરી ૨૦૦૯માં ત્યાં 'વર્લ્ડ ઇકોનોમિક ફોરમે'યોજેલી બેઠકના સમાચાર સાંભળેલા. પાંચ-પાંચ દિવસ આ સ્વિસ હિલ સ્ટેશનમાં ૨૨૦ જેટલા ભારતના ટોચના રાજકારણી ધર્મનેતાઓ અને બિઝનેસમેનો હાજર થયેલા. તેમાં ૫૦૦ પત્રકારો-ફોટોગ્રાફરો હતા. તે બધા ઇન્ટરનેટના પત્રકારો, અખબારના, રેડિયોના, ટીવીનાં અને બીજાં પ્રકાશનોનાં વગદાર સૂટેડબૂટેડ પત્રકારો હતા. આ હિલ સ્ટેશનમાં જુદી જુદી ૨૨૦ બેઠકો મળે છે અને જગતની આર્થિક સમસ્યાઓ ચર્ચે છે અને કોકટેઇલ પાર્ટીઓ, નાચગાન અને બીજા જલસા વચ્ચે જગતની ગરીબીની ચર્ચા પણ કરે છે. અહીં આવનારા બિઝનેસમેનોને 'સુપરકલાસ' કહેછે.

ફેબ્રુઆરી-૦૯માં હું દિલ્હી ગયો ત્યારે દાઓસની મિટિંગમાં હાજરી આપનારા એક ભાગ્યશાળીને મળી ગયો. તેમણે મને કહ્યું કે તમારે દાઓસમાં જે ઉચ્ચ કોટિનો વર્ગ ભેગો મળે છે તેની તમામ વિગતો જાણવા ઇન્ટરનેટ નહીં પણ રૂબરૂ આવવું જોઇએ અગર ડેવિડ રોથકોફનું પુસ્તક 'સુપરકલાસ-ધ ગ્લોબલ પાવર એસેટ એન્ડ ધ વર્લ્ડ ધે આર મેકિંગ' વાંચો. આ લેખક-પત્રકાર ત્યાં જઇ આવ્યો છે. એ દાઓસના સોનેરી જિંદગીવાળા ગામની હોટેલો, ત્યાં આવી પડતા ઉદ્યોગપતિઓનાં લકઝુરિયસ જેટ વિમાનો વગેરેની આંખ પહોળી થઇ જાય તેવી વાતો જાણતાં પહેલાં આ 'વર્લ્ડ ઇકોનોમિક ફોરમ' શું છે અને ત્યાં ભારતના વડાપ્રધાન,વેપારીઓ,કેન્દ્રીય વેપારપ્રધાન કે નાણાપ્રધાન શું કામ જાય છે તે જાણવું જોઇએ.

૧૯૭૧માં ક્લોસ એમ. શ્વાબ નામના જીનિવા યુનિવર્સિટીના બિઝનેસ પ્રોફેસરે આ વર્લ્ડ ઇકોનોમિક ફોરમની રચના કરી. તેમાં શરૂમાં ૪૪૪ જેટલી યુરોપની જાયન્ટ કંપનીના ચીફને બોલાવ્યા. એ પછી ધીરે ધીરે તેની મહત્તા વધતા રાજકીય અખબારના ધુરંધરો આવવા માંડ્યા છે. નેતાઓને સરકારને ખર્ચે ચૂંટણી આવતા પહેલા જલસા કરવા છે એટલે કે ૩ આર્થિક પ્રધાનો અને ૪૧ જેટલા જુદી જુદી કંપનીના ચીફ કે માલિકો આવેલા. એક ભારતીય વીઆઇપી માટેની બસ ઉપર તો લખેલું 'ઈન્ડિયા એવરીવેર'. ત્યાં એવરીવેર છે અહીં વેરણછેરણ છે.

જોકે ભારતના પ્રમાણમાં કોઇ વર્લ્ડ ફોરમમાં ભાષણ આપવા ઊભો થાય ત્યારે હોલમાં કાગડા ઊડતા હોય છે. ઇકોનોમિક ફોરમના સ્થાપક ક્લોસ શ્વાબની પાસે બિલ ગેટ્સ અને પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન લાગવગ લગાવે છે કે એમને એવા ટાઇમે બોલવાનો અવસર મળે જ્યારે હોલ ખીચોખીચ ભરેલો હોય. અહીં ભારતની કે જગતની બીજી કંપનીઓએ હાજર રહેવાનો હક 'ખરીદવો' પડે છે. તે માટે વર્ષે ૧૨૦૦૦ ડૉલર ભરવા પડે છે. ઉપરાંત દરેક બેઠકમાં હાજર રહેવાના ૨૫૬૦૦ ડૉલર એટલે કે રૂ. ૧૨ લાખ પાંચ દિવસ માત્ર ખુરશીની જગ્યા માટે આપવા પડે છે. આ બધાની ખાતરબરદાસ્ત કરતાં કરતાં ફોરમના સ્થાપક મિ. શ્વાબને પ્રોસ્ટેટ કૅન્સર થઇ ગયું છે. મિ. શ્વાબના એક સાથીદારે એક ફ્રેન્ચ ટેલિકોમ્યુનિકેશન કંપનીને કોન્ટ્રાક્ટ અપાવી દેવાની શરતે એક દેશના વડા સાથે વગ વાપરેલી અને રૂ. સાડા ચાર કરોડની લાંચ લીધેલી! આવી વગ વાપરવા જ બિઝનેસમેનો અહીં આવે છે. અબ્રાહમ લિંકને લખેલું 'નિયરલી ઓલ મેન કેન ફેસ એડવર્સિટી બટ ઇફ યુ વોન્ટ ટુ ટેસ્ટ એ મેન્સ કેરેક્ટર, ગિવ હિમ પાવર.' અર્થાત્ પૃથ્વીનો દરેક માણસ તકલીફો કે ગરીબીનો સરસ સામનો કરે છે અને નિષ્ઠાથી સામનો કરે છે. પરંતુ કોઇનું ચારિત્ર્ય જાણવું હોય તો તેના હાથમાં સત્તા આપો...' આ ઉચ્ચારણ ભારતને સારી રીતે લાગુ પડે છે. એક ખાદી પહેરનાર લોકસેવક ચંપલ પહેરીને બગલમાં થેલો લઇને ફરનારો મુખ્યપ્રધાન બને ત્યાં લગભગ ડિક્ટેટર બની જાય છે.

આપણે 'સુપરક્લાસ'ની વાત કરતા હતા. આ સુપરક્લાસ આપણા બધાને હિસાબે ને જોખમે દાઓસમાં ગરીબી દૂર કરવા ભેગા મળે છે. અહીં અમેરિકન મિલિટરીવાળા, પ્રમુખ આઇઝનહુવરે અમેરિકન સૈન્યની સંખ્યા વધારવાની વાત

કરેલી. ૧૫ લાખ સૈનિકો તેને ઓછા લાગતા હતા. ત્યારે અમેરિકાના બજેટમાં બતાવેલી રાષ્ટ્રીય આવક ૪૨૫ અબજ ડૉલર હતી. અમેરિકા મોસ્ટ પાવરફૂલ હતું. તેની મલ્ટિનેશનલ કંપનીઓ કરતાં પણ પાવરફૂલ આજે ૨૦૦૮-૦૯માં શું છે ? આજે અમેરિકન સરકારની કુલ આવક કરતાં વધુ આવક અમેરિકાની ૫૦ કંપનીઓની છે. અરે, અમેરિકન સરકારની કુલ આવક કરતાં એકઝોન-મોબીલ અને વોલમાર્ટની આવક વધુ છે. ભારતમાં આવી હાલત થવા માંડી છે એટલે કે સરકાર કરતાં અંબાણી બંધુઓ, મિત્તલ અને બીજા નાણાકીય રીતે વધુ મજબૂત છે.

ગરીબ દેશનો વડો હોય તો પણ અહીં કપડાંનો-સૂટનો ભપકો બતાવે છે. રશિયન અર્થતંત્ર ખાડે હતું છતાં તેના વડા શાર્ક માછલીના ચામડાના કોટ-બોટ પહેરીને આવેલા. હવે ઘણા દેશના વડાઓ અને કંપનીના ચીફ તેમની બૈરી રૂપાળી હોય તો અહીં સાથે લાવે છે. અહીં મલાઇદાર ઓળખાણો થાય, કનેકશન થાય, ભ્રષ્ટાચાર થાય. મોટા મોટા કોન્ટ્રાક્ટ નક્કી થાય. અહીં આવનારા ભારત, પાકિસ્તાન કે બીજા દેશોના પ્રધાનો પોતાની પ્રજાને વફાદાર રહેવાને બદલે અહીંના વાતાવરણને વફાદાર રહે છે અને મલ્ટિનેશનલ કંપનીઓને હા જી હા કરે છે. તેમ ‘સુપરક્લાસ’ પુસ્તકમાં ડેવિડ રોથકોફ લખે છે. વોરેન બફેટ નામનો આંતરરાષ્ટ્રીય-શેરોનો સટોડિયો અહીં આવીને તેણે તારવેલા અઢળક નફામાંથી મોરે મોરે(રિપીટ મોરે મોરે) રૂ. ૧૫૫૦૦૦ કરોડનો ધર્માદો કરે છે. તમારા પૈસા તમને પાછા બડાઇ મારીને આપે છે. બ્રિટિશ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે આખી દુનિયાના મહાન માનવોની તુચ્છતા જોઇને તેને કડક ભાષામાં કહેલું કે આપણે બધા જ જંતુ છીએ. સાવ જીવડા છીએ પણ હું જરા ચમકતું જંતુ છું ! અહીં આવા ચમકતા જીવડા આવે છે !

ચમકતા જીવડા ઊડીને આવે છે તે કોઇ એરલાઇન્સમાં નહીં પણ ઘણા તો પોતાના જ જેટ વિમાનો લઇને આવે છે અને પાછા કોના જેટ કેવા છે, તેની ચડસાચડસી પણ થાય છે. અમેરિકાની ડિફેન્સ સામગ્રીની કોન્ટ્રાક્ટર કંપની જનરલ ડાયનેમિક્સની કંપની પ્રાઇવેટ જેટ જ બનાવે છે. તેને કોર્પોરેટ-જેટસ કહે છે. અરે, માત્ર જેટ વિમાન નહીં-ગોલ્ડસ્ટાન્ડર્ડ કોર્પોરેટ જેટ કહે છે તમે એક ધડાકે ૭૦૦૦ નોટિકલ માઇલ ઊડી શકો છો. એટલે કે ન્યૂ યોર્કથી ઘણા ખંડો પસાર કરી એક શ્વાસે ટોકિયો પહોંચી શકો છો અને તેમાં આઠ ઉતારુઓ તમે કલ્પી ન શકો તેવી લકઝરી સફર કરે છે. અરે, તમારા બંગલા તેની સગવડ સામે ઝાંખા પડે અને આવા જેટનું મૂલ્ય રૂ. ૨૨૫ કરોડ હોયછે. આટલાં મોંઘાં છતાં અને આટલી મંદી છતાં આવાં ખાનગી વિમાનો દર વર્ષે આઠથી દસ ખપે છે અને તેના મિત્રવેપારીના જેટ કરતાં કંઇક ચઢિયાતી સગવડ, ઉત્તમ સિક્યોરિટી, વધુ પ્રાઇવસી અને તેમને દરેક એરપોર્ટ ઉપર જલ્દીથી ઉતરાણ મળે તેવી લાગવગની જરૂર પડે છે.

ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં હું દિલ્હી ગયો ત્યારે આ ગરીબ દેશમાં ૯ જેટલાં ખાનગી વિમાનો દિલ્હી એરપોર્ટ પર પડ્યા હતા. હવે જે નવાં વિમાન આવે છે તેમાં ‘ન્યૂ એન્હાન્સ્ડ વિઝન સિસ્ટમ’ છે. માલિક વિમાન ચલાવતો હોય તો ખૂબ સલામતીથી જમીનથી ૪૧૦૦૦ ફૂટ ઊંચે ચલાવી સકે છે. ગલ્ફ સ્ટીમ કંપનીનાં લકઝરી જેટ વિમાનો આજે જગતના ૧૫૦૦ ભાગ્યશાળી વાપરે છે. મોટી મોટી કંપનીઓ અને ઉદ્યોગપતિઓને તે પરવડે છે. એટલે શું ? એટલે એમ કે આ જેટ વિમાન વપરાતા ન હોય ત્યારે ૫૦૦ કલાકનો સર્વિસ ચાર્જ ૧૨ લાખથી ૧૫ લાખ ડૉલર એટલે કે રૂ. સાડા સાત કરોડનો ખર્ચ આવે છે. આ લકઝરી વિમાનો પેદા થાય તેમાંથી પાંચ ટકા જ ‘વ્યક્તિઓને’ વેચાય છે. બાકીનાં કોર્પોરેશનો અને સરકારી નેતાને (દેશને) વેચાય છે. જે કોર્પોરેશનની વાર્ષિક આવક રૂ. ૫૦૦૦ કરોડથી વધુ હોય અને જે વ્યક્તિની નાણાકીય અસ્કયામતો અઢી કરોડ ડૉલરથી વધુ હોય તેને જ આ ખાનગી જેટ પોસાય છે.

મોંઘાં ગલ્ફ સ્ટ્રીમનાં વિમાનો ન પરવડતાં બોઇંગના વિમાનો શેઠિયા ખરીદે છે. પણ બોઇંગનાં સુપર લકઝરી વિમાનો ગલ્ફ સ્ટીમનાં વિમાનો સામે ગરીબ લાગે છે. તમે ઇન્ટરનેટ ઉપર ‘ગુગલ’ની સાઇટ જુઓ છો તેનો સહસ્થાપક લેરી પેઇજ ૭૬૭ બોઇંગ રૂ. ૭૫ કરોડમાં વેચાતું લઇ વાપરે છે. ધારો કે મોંઘાંમાં મોંઘું રૂ. ૧૫૦૦ કરોડનું(સાચી કિંમત) વિમાન કોઇ ધનિક કે કંપની ખરીદે તો સગવડોમાં (દા.ત. પૂજારૂમ) બીજા ૧૦ કરોડ ડૉલર એટલે કે રૂ. ૫૦૦ કરોડ ખર્ચે છે. પછી ? એ બધું મલ્ટિનેશનલો કે ભારતના વેપારી આપણા ખિસ્સામાંથી ખંખેરે છે. અમુક ખાનગી વિમાનો સાચા રાજકારણીને જલ્દીથી પ્રમુખ ઓબામાને મળી સંકટ ટાળવું હોય તે માટે છે. પણ બીજા ઘણા માત્ર લકઝરી બતાવવા માટે હોય છે. વિમાનમાં મોટા બે-ત્રણ ડાઇનિંગ રૂમો જુદી જુદી ઇનડોર રમતો અને બાથટબ જ નહીં પણ નાનકળા જળાશય હોય છે. દરેકને સ્પેશિયલ ચીજ જ જોઇએ. દા.ત. ઇંગ્લેન્ડના આલ્ફ્રેડ પ્રુફોક જેવા અખબારનવીશ સોના શેરબજારના રમતિયાળ ને તેના વિમાનમાં જે કોફીના પાઉડરના ચાંદીના ચમચા હતા તે ન ગમ્યા એટલે તેણે નવા ચમચા મગાવ્યા હતા !